ISSN : 2321-7073

# RESEARCH MATRIX

"PEER REVIEWED & REFEREED"

INTERNATION MULTIDISCPLINARY JOURNAL OF APPLIED RESEARCH

ISSUE - 2 YEAR - 12 SEPTEMBER - 2024

# RESEARCH MATRIX :2321-7073

" PEER REVIEWED & REFEREED "

*INTERNATIONAL MULTIDISCIPLINARY JOURNAL OF APPLIED RESEARCH*



EDITOR-IN-CHIEF
DR. KALPESH RAKHOLIA

EDITOR
Dr. ALKESH VACHHANI

EDITOR
Dr. MITAL MANAVADARIA
CELL :98794 22702


## ABOUT THE JOURNAL

RESEARCH MATRIX is an International Journal forall subjects (Multidisciplinary) publishing original papers, reviews articles on Research all Languages. It promotes interdisciplinary perspective to discuss issues of National and International Significance. Its regular features include research book editorial correspondence. All the Research papers are subject to a double- blind referring process and are published on the recommendation of reviewers and discretion of the editor. As far as the research papers are concerned, the views of statements expressed in the Research papers are solely of the author and the editor in not responsible for the same.

## ABOUT THE JOURNAL

- Cooperation in the exchange of information about Physical Education, Applied Social
- Sciences, Commerce, Education and science Worldwide.
- Development of Research work.
- Balance of advanced theories and common practices.

## AIM

- evelopment among various countries worldwide.
- To promote the study ofArts, Science, Management, Commerce and Education by using the
- advances in scientific research results.
- To establish a common foundation of theory based on the positive differences of various
- backgrounds.
- To develop interest in the significant study of various researchers.


## Editor-In-Chief

RESEARCH MATRIX : International Multidisciplinary Journal of Applied Research
Uday Nagar Society, Block No.7/b, B/h.
Godhwani High School, JUNAGADH Pin - 362015
WEBSITE : WWW.RESEARCHMATRIX.ORG
EMAIL : EDITORRESEARCHMATRIX@GMAIL.COM

# RESEARCH MATRIX :2321-7073

" PEER REVIEWED & REFEREED "

*INTERNATIONAL MULTIDISCIPLINARY JOURNAL OF APPLIED RESEARCH*



निस्केयर
NISCAIR

**NATIONAL INSTITUTE OF SCIENCE COMMUNICATION AND INFORMATION RESOURCES**

(Council of Scientific and Industrial Research)

14, Satsang Vihar Marg, New Delhi 110 067

ISSN

Ms. V. V. Lakshmi, Head, National Science Library

Phone: 91-11-2686 3759

E-mail: vvlakshmi@niscair.res.in website: www.niscair.res.in


NSL/ISSN/INF/2013/1516 Dated: July 17, 2013

Mr. Kalpesh R. Rakholiya
Junagadh ,
Timbawadi,
Uday nagar soc. block no 7/b
b/h godhwani high school
pin-362015

Dear Sir/ Madam,
We are happy to inform you that the following serial(s) published by you has been registered and assigned ISSN (Print)

ISSN 2321 – 7073 Research Matrix

It is important that the ISSN should be printed on every issue preferably at the right hand top corner of the cover page.

The Indian National Centre will be responsible for monitoring the use of ISSN assigned to Indian Serials and for supplying up to-date data of the same to the International Centre for ISSN, Paris. For this purpose we request you to send us the forth coming issue of your serial on complimentary basis.

We solicit your co-operation in this regard.

Yours sincerely

V. V Lakshmi

(V.V. Lakshmi)
Head
National Science Library

Please don't forget to send a sample issue of the journal/URL with ISSN printed on it.

Contact : Ms. Shobhna Vij
e-mail : issn.india@niscair.res.in
phone : 011-26516672

| SR.NO. | TITLE & AUTHOR | PAGE NO. |
|---|---|---|
| 11 | THE IMPACT OF DIGITAL MEDIA ON TRADITIONAL INDIAN FAMILY STRUCTURES<br>PROF. V.A. DABHI | 64 TO 73 |
| 12 | આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન<br>SOLANKI PRIYABENRAMESHBHAI | 74 TO 78 |
| 13 | HUMAN RIGHTS CHANGE IN MODERN INDIA<br>VIKRAMKUMAR VITHHALBHAI GOHEL | 79 TO 84 |
| 14 | SOCIAL CHANGE IN MODERN INDIA<br>CHAUHAN KINJALBEN JASHAVANTSINH | 85 TO 86 |
| 15 | ભારતમાં અસંગઠિત ક્ષેત્ર અને મહિલાઓ :એક અભ્યાસ<br>અંજલી આર.પ્રજાપતિ | 87 TO 91 |
| 16 | શિક્ષણ પ્રણાલીમાં બાળનાટકોનો ફાળો : શ્રદ્ધા ત્રિવેદીના બાળનાટકો સંદર્ભે<br>ડૉ.કિરણ આર.ખેની | 92 TO 97 |
| 17 | ભારતમાં સ્વતંત્રતા બાદ સમયાંતરે મહિલા શિક્ષણ<br>નિધિ બી.ચૌધરી | 98 TO 101 |
| 18 | ઉચ્ચ પ્રાથમિક શાળાઓના ભાષાશિક્ષકોને ભાષાશિક્ષણમાં મૂલ્યાંકન સંદર્ભે અનુભવાતી સમસ્યાઓનો અભ્યાસ<br>પરમાર પરેશકુમાર રમેશચંદ્ર ડૉ. અશોકકુમાર બી. મકવાણા | 102 TO 109 |
| 19 | કબડ્ડી અને ખો-ખો રમતના ખેલાડીઓની રૂધિરાભિસરણ ક્ષમતાનો તુલનાત્મક અભ્યાસ<br>સુરેશકુમાર રાઠોડ ડૉ. પરિક્ષીતસિંહ ડી. મંડોરા | 110 TO 112 |
| 20 | GENDER AND ITS RISING ROLE IN MODERN INDIAN INNOVATION<br>KAVITA H. SONI | 113 TO 117 |
| 21 | SOCIAL CHANGE IN MODERN INDIA<br>BHILECHA KARANBHAI ISHVARBHAI | 118 TO 124 |

# શિક્ષણ પ્રણાલીમાં બાળનાટકોનો ફાળો : શ્રદ્ધા ત્રિવેદીના બાળનાટકો સંદર્ભે

**ડૉ.કિરણ આર.ખેની**
**આસિસ્ટન્ટ પ્રોફેસર,ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગર.**

પેટલાદ (જિ. આણંદ)માં જન્મેલાં શ્રદ્ધા ત્રિવેદી એમ.એ. ગુજરાતી સાથે અને 'ગુજરાતીમાં બાળકથાનુંસ્વરૂપ અને તેનો વિકાસ' (૧૯૮૯) ડૉ. ચંદ્રકાન્ત શેઠના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.નો અભ્યાસ કર્યો છે. તેમનો આ મહાશોધ નિબંધ બાળકથાનાં સ્વરૂપને સમજવા માટે સીમાસ્તંભ બની રહે છે. એલ.એલ.બી. પણ આ લેખિકાએ કર્યું છે.શ્રી હ.કા.આટ્ર્સ કોલેજ,ગુજરાતી વિભાગ અમદાવાદમાં અધ્યાપન કાર્ય કરેલુ. હાલ નિવૃત્ત અધ્યાપિકા તરીકે વિશ્વકોશ ભવનની કામગીરી અંતર્ગત 'બાળવિશ્વકોશ' સાથે કાર્યરત છે.

બાળસાહિત્યકાર તરીકે નીવડેલાં શ્રદ્ધા ત્રિવેદીએ 'ઠેરનાં ઠેર' (૧૯૮૨), 'છમ્મક છલ્લો' (૧૯૮૯), તનીભાઈ અને બીજી વાતો' (૧૯૮૯), 'પહેલું ઈનામ' (૧૯૯૧), 'સોનેરી પંખી' (૧૯૯૪), 'દુર્ગાનો દીપક' (૧૯૯૭), 'કરામતી પટ્ટો' (૨૦૦૦), 'સમજુને સુખ' (૨૦૦૪), 'સોનાનો પૂડલો' (૨૦૦૬), 'પોપટજીની નિશાળ' (૨૦૦૮), 'તની અને કનૈયો' (૨૦૧૧), 'મીઠુભાઈની મીઠી વાતો' (૨૦૧૪) જેવાં વાર્તાસંગ્રહો આપ્યાં છે. તો 'ભેંસ ભાગોળે ને છાશ છાગોળે' (૧૯૮૯) અને 'કથરોટમાં ગંગા' (૧૯૯૪) કહેવત કથાઓ પણ બાળકોને લક્ષમાં રાખી આપી છે. 'વિરલનો એક દિવસ' (૧૯૮૮), 'ચાલો રમીએ' (૧૯૯૪) અને 'ચાર ચતુર નાટ્યમાળા' (૨૦૦૦) નામે બાળનાટ્યસંગ્રહો આપ્યાં છે. 'સુંદરમની સમગ્ર બાલકવિતા ભાગ ૧-૫' (૨૦૦૫-૨૦૦૭) (શ્રી ચંદ્રકાન્ત શેઠ, મનહર મોદી સાથે), 'મનગમતી વાર્તાઓ' (ભાગ ૧-૩) (૧૯૮૯), 'અમર બાલકથાઓ' (ભાગ ૧-૨) (૨૦૦૦), '૩૬૫ મનગમતી રંગબેરંગી બાલકથાઓનો મજાનો ખજાનો (સંપાદન-પુનર્લેખન) ૨૦૦૬, અક્ષરા પ્રકાશન નિમિત્તે બાર પુસ્તકોનું સંપાદન-પુનર્લેખન પણ તેમણે કર્યું છે. 'લક્કડપગી માસી' (રશિયન બાળલોકકથાઓ, ૧૯૯૮), મજાનો વાર્તા ખજાનો (૨૦13, સુધા મૂર્તિ) (બાળવાર્તાઓ) તેમજ 'પવિત્રતાના પાયા પર', સુધા મૂર્તિ (મૂળ કૃતિનું નામ 'હાઉસ ઓફ કાડ્ર્ઝ) (૨૦૧૪, નવલકથા)નો અનુવાદ કર્યો છે. તો મુખ્યત્વે બાળસાહિત્યના સર્જક તરીકે ખ્યાતિ પામેલા શ્રદ્ધા ત્રિવેદી પાસેથી 'બંધ ઓરડાની ભીતરમાં' (૧૯૯૮) નામે ટૂંકીવાર્તા સંગ્રહ તેમજ 'રામપુરમાં સૂર્યોદય (૧૯૮૭), 'મહેનતના ફળ મીઠાં' (૧૯૮૯) વગેરે છએક સંગ્રહો પ્રૌઢસાહિત્યના મળે છે. બાળસાહિત્યના સંપાદન સિવાય 'હુતાશની અને બીજી વાતો' (સુન્દરમ્, ૨૦૦૮), 'પરિવાર કાવ્યો' (૨૦૧૫, ડૉ.ઉર્મિલા ઠાકર સાથે), 'શબ્દયાત્રા' (ચંદ્રકાન્ત શેઠ – મૌલિક લેખો/નિબંધો) ૨૦૧૬નું સંપાદન કરેલું છે.

સાહિત્યિક સેવાઓ બદલ તેમજ બાળસાહિત્યના પ્રદાન અંતર્ગત તેમને ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત સાહિત્ય પરિષદ તેમજ N.C.E.R.T. તરફથી અનેક પુરસ્કારો પ્રાપ્ત થયાં છે.'પરબ', 'શબ્દસૃષ્ટિ' 'પ્રત્યક્ષ', 'નવચેતન', 'બાલઆનંદ' વગેરેમાં તેમના લેખો, વાર્તાઓ અવારનવાર પ્રકાશિત થતાં રહ્યાં છે. આમ,

બાલસાહિત્યકાર તરીકે વિશેષ પ્રસિદ્ધ થયેલા શ્રદ્ધા ત્રિવેદીના બાળનાટકમાં પણ તેમણે સર્જન કર્યું છે. બાળનાટકનો મુખ્ય ત્રણ સંગ્રહો 'વિરલનો એક દિવસ' (૧૯૮૮), 'ચાલો રમીએ' (૧૯૯૪) અને ચાર ચતુર નાટ્યમાળા' (૨000) પ્રાપ્ત થાય છે. જેમાંના 'ચાલો રમીએ' અને ચાર ચતુર નાટ્યમાળા'નો અહીં સમીક્ષા કરવાનો ઉપક્રમ રહેલો છે.

'ચાલો રમીએ' (૧૯૯૪)

'ચાલો રમીએ' ચાર નાટકોનો સંગ્રહ છે. પ્રસ્તુત નાટકો આકાશવાણીના બાળકોના કાર્યક્રમોમાં રજૂ થયેલાં છે. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૧૯૯૪નું શ્રેષ્ઠ બાળનાટકોમાં બીજું સ્થાન નિમિત્તે પુરસ્કૃત થયેલો આ સંગ્રહ છે.

'ચાલો રમીએ મંદિર-મંદિર', 'ચાલો રમીએ મમ્મી-પપ્પા', 'ચાલો રમીએ નિશાળ નિશાળ' અને 'ચાલો રમીએ ચૂંટણી ચૂંટણી'માં બાળકો પોતાના આસપાસનાં પરિસરમાં જે કંઈ જુવે છે, જે કંઈ શીખે કે તેને અહીં રમત-રમતનાં રૂપમાં રજૂ કરીને મોટાઓની ભૂલો, શાળા નામે ચાલતા છબરડાઓ, ચૂંટણીઓમાં રમાતા દાવપેચ, લાંચરુશ્વત આપવાની કે લેવાની લોકોની વૃત્તિ સામે લાલ ધજા ફરકાવતો આ સંગ્રહ છે.

'ચાલો રમીએ મંદિર-મંદિર'માં વર્ષેશ, શિરીષ, શુચિતા અને દેવાંગ રમત-રમતમાં પણ સર્જનાત્મક પ્રવૃત્તિ કરીને આનંદની લ્હાણી કરતાં દેખા દે છે. દરિયાકિનારે રેતીમાંથી મંદિર બનાવાની પ્રવૃત્તિમાં તેમની વચ્ચે થતાં સંવાદોમાં એકબીજાને તુકારે બોલાવવાની ટેવ-ઉતારી પાડવાનો બાળસહજ સ્વભાવ વણાયને આનંદલક્ષી નાટક બન્યું છે.

'ચાલો રમીએ મમ્મી-પપ્પા'માં બાળકો જ મમ્મી-પપ્પાની ભૂમિકા નિભાવીને તેમની ભૂલોને ઉજાગર કરતા દેખાડયા છે. બાળકોને સમય ન આપવો, નાની-નાની વાર્તામાં વડીલોની રોક-ટોક, મનગમતી પ્રવૃત્તિ કરતા અટકાવવા, ટયુશન બંધાવીને વધારે ભાર આપવો – એમ આજના માતા-પિતા સામેનો વિરોધ છે. સાથે માતા-પિતા કેવા હોવા જોઈએ એની બાળકલ્પના પણ અહીં છે.

'ચાલો રમીએ નિશાળ નિશાળ'માં આજની શિક્ષણવ્યવસ્થા તેમજ શિક્ષકોનો વિદ્યાર્થીઓ સાથેનો ગેરવ્યવહાર વગેરેનું વાસ્તવિક ચિત્ર છે. પટાવાળાએ પ્રિન્સિપાલ, મેડમના અંગત કામો કરવા,બદલામાં પટાવાળાને મળતો રજાનો લાભ, વિદ્યાર્થીઓમાં વિશ્વાસ રાખવાને બદલે ગુસ્સો, ખિજાવું, મારવું વગેરેથી કામ લેતા શિક્ષકોથી કંટાળેલા બાળકોને શાળા નામ પ્રત્યે થતો અણગમો વ્યાજબી છે.

'ચાલો રમીએ ચૂંટલી ચૂંટલી'માં ચૂંટણી સમયે લોકોના મત મેળવવા માટેની લાલચો લાંચમા પરિણમે છે તેનો વ્યંગ કરતું આ નાટક છે. ચારેય નાટકોમાં શુચિતા, દેવાંગ, શિરીષ અને વર્ષેશ મુખ્ય પાત્રો છે. દાદાજી અને માયાનું પાત્ર અનુભવી અને પ્રેરણા આપનારું છે. ચારેય નાટકોમાં ચારેય પાત્રોની અલગ અલગ ભૂમિકા જોવા

મળે છે. અભિવ્યક્તિનો ઢાંચો રમત-રમત એકસરખો હોવાથી ઓછાં સાધન-સામગ્રીથી ભજવી શકાય એવા નાટકો છે. નાટકમાં વપરાયેલી ભાષા પણ સીધી ગતિમાં વહેતી ગૂંચવણ વિનાની સરળ છે. ભાષા થકી ગડમથલ અનુભવતા બાળકોની પરિસ્થિતિને ભાષા થકી સુંદર સમજ અપાયેલી છે.

**વર્ષેશ** : 'તે શિરીષ, આ ચોકડી કેમ કરવાની? સાલું આ ખરું ? મત આપવાનો તે ચોકડી કરવાની કે ખુદ કરવાનું ? ખરું છે આ ચૂંટણીમાં નહીં?'

('ચાલો રમીએ ચૂંટણી ચૂંટણી', 'ચાલો રમીએ', પ્ર. આ., પૃ.૬૬,૬૭)

ચૂંટણીમાં જે ઉમેદવારને મત આપવાનો હોય તે ઉમેદવારની સામે ચોકડી કરવાની હતી. આજે તો યંત્ર સંસ્કૃતિને કારણ મત આપવાના ધારા ધોરણો બદલાયા છે. પરંતુ, આ નાટકમાં ચોકડીનો અર્થ ખોટા (x)ની નિશાની થાય છે જ્યારે ચૂંટણીમાં ચોકડી કરી મત આપવાનો અર્થ એક ઉમેદવારની પસંદગી જે ખરી ()ની નિશાનીથી દર્શાવવામાં આવતું. ભાષાની ભરમાળનો આ કોયડો માર્મિક હાસ્ય સાથે મૂકાયેલો છે. લાંબા છતાં સરળ સંવાદોથી અભિવ્યક્તિ ચોટદાર બની છે :

**વર્ષેષ** : 'હા, હું ઊંઘી જઉં પછી જ આવે છે ને હું ઊઠું તે પહેલાં તો જતા રહે. પછી મળે ખાલી રવિવાર.. એટલે ત્યારે તો મઝા જ કરાવે. બોલ, એટલે વઢે જ કેવી રીતે?'

('ચાલો રમીએ મમ્મી-પપ્પા', એજન, પૃ.૨૧)

પિતાની કામની વ્યસ્તતા વચ્ચે બાળકને મળતો પિતાનો ઓછો સમય કેટલો વ્યંજિત અભિવ્યક્તિ પામ્યો છે. મમ્મીએ બાળકો સાથે કેમ વર્તવું જોઈએ તે મમ્મી પપ્પા બનેલા બાળકો કહે છે :

**દેવાંગ** : '... બેટા, જા રમ.' મમ્મીએ તો પરીઓની જેમ ધીમેથી સરસ રીતે વાતો કરવાની. આમ છણકા નહિ કરવાનાં.

('ચાલો રમીએ મમ્મી પપ્પા', એજન, પૃ.૨૪)

બાળકોના સર્જનાત્મક વિકાસમાં અવરોધરૂપ બનતા અને મળેલા અધિકારોનો ખોટો લાભ ઉઠાવતા શિક્ષણખાતાઓના અધિકારીઓનું વરવું ચિત્ર નીચેનાં સંવાદોમાં સ્પષ્ટ આલેખિત થયું છે :

**શુચિતા** : 'મને છે ને તે ચિત્રકામ બહુ ગમે છે. તેથી હું આજે ઘેરથી રંગની પેટી લઈ ગઈ હતી. બહેનબીજા છોકરાંઓનું લેસન તપાસતાં હતાં. તે વખતે હું ચિત્ર દોરી રંગ પૂરતી હતી. બે-ચાર જણ મારી આસપાસ ટોળું વળી ગયાં. અચાનક બહેનની નજર મારા ઉપર પડી. તે તો એકદમ આવ્યાં. મારા હાથમાંથી રંગની પેટી ઝૂંટવી લીધી. ને પછી દીધી ડાબા હાથની એક. જો, હજી ગાલે આંગળીઓ છે.'

('ચાલો રમીએ નિશાળ નિશાળ', એજન, પૃ.૪૦,૪૧)

શિક્ષણખાતાના અધિકારીઓ મોભાનો લાભ ઉઠાવતા નજરે પડે છે...

'...મારી નિશાળમાં આચાર્ય તરીકે બહેન છે. તે મનાજી એમને ઘેર પેપર લેવા જાય ત્યારે બહેનનાં ધોયેલાં કપડાં સૂકવી દે. ને ક્યારેક દવા લાવે ને કયારેક ઘંટીએ લોટ દળાવવા જાય. આમ કરવાથી બહેન ખુશ રહે. એટલે પછી મનાજીને ફાવે ત્યારે રજા મળે .'

('ચાલો રમીએ નિશાળ નિશાળ', એજન, પૃ.૪૮,૪૯)

આ નાટ્યસંગ્રહનાં બધાંય નાટકોનું બીબુ એક હોવાના કારણે પુનરાવર્તનનો દોષ નાટકોમાં જોવા મળે છે. સમાજની જુદી જુદી પરિસ્થિતિઓના વાસ્તવિક ચિત્રો બાળકો સમક્ષ મૂકાતાં આ નાટકો પુનરાવર્તન કે અભિવ્યક્તિ સરખી હોવા છતાં બાળકોમાં સાચી હકીકત અને વિચારોને-વ્યક્તિત્વને યોગ્ય માર્ગે ઘડવાના મૂલ્યો શીખવે છે. એ અર્થમાં આ સંગ્રહ પ્રશંસનીય બની રહે છે.

'ચાર ચતુર નાટ્યમાળા' (૨૦૦૦)

આ સંગ્રહને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૦૦નું ઉત્તમ પુસ્તકમાં ત્રીજા ક્રમનું પુરસ્કાર મળેલું છે. 'ચાર ચતુર નાટ્યમાળા' અંતર્ગત 'બીરબલ', 'તેનાલીરામ', 'બર્થોલ્ડ' અને 'ગોપાલભાંડ' આ ચાર નાટ્યમાળાનો સમાવેશ થાય છે. જેમાં ચારેયની ચતુરતા-ચાતુર્ય કેન્દ્રમાં છે.

'બીરબલ' નાટ્યમાળામાં 'બીરબલ' કે જે અકબરના દરબારનો એક મુત્સદી, બુદ્ધિમાન, હાજર- જવાબી એવો અકબરનો પ્રીતિપાત્ર તો ખરો જ પરંતુ ભારતમાં બુદ્ધિચાતુરીના પર્યાય તરીકેની તેની ગણનાને બિરદાવતી અનેક ચાતુરીની વાતો પ્રચલિત છે. જેમાંની ચાર અહીં છે. 'માજીને મળ્યો ન્યાય'માં માજીનો બીરબલના ન્યાય અને ચાતુર્યમાં રહેલા વિશ્વાસની જીતની વાત છે. સત્યપ્રસાદ શાહુકાર લાલચમાં આવી માજીએ સાચવવા આપેલ રત્નને પરત કરવાની ના પાડતા બીરબલ સાક્ષીઓની મદદથી શાહુકારની લાલચને બધાય સમક્ષ લાવે છે.

'બેગમ બાદશાહની હાર'માં બેગમની ઇચ્છા બીરબલના સ્થાને પ્રધાનનું પદ પોતાના ભાઈને આપવાની જીદમાં તે બીરબલને અનેક રીતે ચાતુર્યથી માત કરવાનો પ્રયત્ન કરે છે પરંતુ દરેક વખતે બીરબલ બચી જઈને અંતે બેગમ પાસે જ બીરબલ કાયમ માટે અકબર પછી પ્રધાન પદનું વચન લે છે. 'જેવા સાથે તેવા' સપનાંની વાતને આધારે બોઘડને છેતરવા બેઠેલા વેપારીને અરીસામાં સોનામહોર બતાવી તે લેવાની ફરજ પાડી પોતાની ભૂલને તેની જ ભાષામાં સમજાવે છે. 'હાથીને તોલ્યો'માં અકબરની ઇચ્છા હાથીનું વજન કરાવી બીરબલ કસોટી કરવા માંગે છે. હાથી જેવા હાથીનું વજન બીરબલ પાણીમાં હોડી-પથ્થરની મદદથી કરી બતાવે છે. આમ, 'બીરબલ' શ્રેણીમાં દરેક મુસીબત કે દરેક પ્રશ્નને ચાતુર્યથી - બુદ્ધિ વડે નાથી શકાય છે. તે થકી બીરબલની હાજરજવાબી, મુત્સદ્દીપણાનો પરિચય કરાવ્યો છે.

'ગોપાલ ભાંડ' નામની બીજી શ્રેણીમાં ઉત્તર બંગાળનો બીરબલ ગણાતો બીરબલની માફક જ ચતુરાઈમાં પાવરધો, બુદ્ધિશાળી, કૃષ્ણનગરના ધુર્ની નામના નાના ગામમાં જન્મેલા અને કૃષ્ણનગરના રાજાનો પ્રીતિપાત્ર બનેલા 'ગોપાલ ભાંડ'ની ચતુરાઈ કથાઓ છે.

'ગોપાલ ભાંડ'માં કુલ પાંચ નાટ્યરચનાઓ છે. 'ગોપાલે કાકીને બનાવ્યા' દેખાવે કદરૂપો પરંતુ બુદ્ધિમાં ચતુર કૃષ્ણનગરના રાજાનાં કંજુસ કાકીને અનુરૂપ થઈને તેની પાસેથી એક હજાર સોનામહોર પડાવી રાજાનો પ્રિય બને છે. ગોપાલની બુદ્ધિનાં કેટલાંક સ્પંદનો આ નાટકમાં ઉઘડતા જોવા મળે છે. 'ગોપાલે શહનશાહને હરાવ્યા'માં મુર્શિદાબાદના શહનશાહને 'પાતાળમાં શું શું છે' એ જાણવું છે. પરિણામે તે કૃષ્ણનગરના વિદ્વાનોને

બોલાવી જવાબ આપવાનું કહે છે પરંતુ જવાબ ન મળતાં બધાં વિદ્વાનોને જેલમાં પૂરી દે છે. કૃષ્ણનગરના રાજાને જાણ થતાં રાજા ગોપાલ ભાંડને મોકલે છે. ગોપાલ પાતાળમાં તો મૌલવી- મુલ્લાને કબરમાં મૂકવામાં આવે છે આથી એમને જ ખબર હોય કે પાતાળમાં શું છે એવો જવાબ આપી પોતે અને વિદ્વાનોને શહેનશાહ આગળથી છોડાવે છે. 'ગોપાળની કાબેલિયત'માં રાણીબા ગોપાલની ચતુરાઈની પરીક્ષા કરે છે, જેમાં ગોપાલની જીત થાય છે. 'ગોપાલે ચોર પકડયો'માં ચોરનો પોતાના ઘરે થયેલો પ્રવેશ જોઈને ગોપાલ પોતાને બાળકો છે જ નહિ તેમ છતાં આડોશ-પાડોશના લોકોનાં નામો પોતાના બાળકોનાં છે એમ મોટે મોટે બોલી પડોશીઓની મદદથી ચોરોને પકડે છે. 'ગોપાલે મહાભારત રચ્યું'માં મુર્શિદાબાદના રાજાને મહાભારત રચવું છે. ગોપાલ રાજાની ઇચ્છાને એકમાત્ર સવાલ પૂછીને વળતો જવાબ આપે છે કે દ્રૌપદીને પાંચ પતિઓ હતા. આપની પત્નીને કેટલા ખાવિંદ છે. શહેનશાહ આ સાંભળી મહાભારતનો આખો મામલો જ દફનાવી દે છે. 'તેનાલીરમન' નામની ત્રીજી નાટ્યશ્રેણીમાં દક્ષિણ ભારતના વિજયનગરના રાજા કૃષ્ણદેવના દરબારનાં સભ્ય જે મૂળ તેનાલી ગામના અને નામ રામન તેથી તેનાલીરામ કે તેનાલીરમન તરીકે પ્રસિદ્ધ થયેલાં. બીરબલની માફક કૃષ્ણનગરના કૃષ્ણદેવરાયના રાજ્યમાં ચતુરાઈને કારણે સ્થાન મેળવે છે તેની ચાતુર્યને વર્ણવતી કથાઓ અહીં છે.

તેનાલીરમને 'કાગડો ઉડાડયો'માં રાજાએ મુર્ખાઓને પોતાના મંત્રીમંડળમાં સ્થાન આપ્યું છે એ વાત રાજાને સમજાવવા તે કાગડાને દૂધમાં નવડાવી રાજાને પોતાની ભૂલનું ભાન કરાવે છે. 'શેરને માથે સવાશેર' લોકોનાં ડરને હથિયાર બનાવી બ્રહ્મરાક્ષસ રૂપે ખૂંધી માણસને તેનાલીરમન પત્નીની સહાયથી મૂસળરાક્ષસ બની શેરને માથે સવાશેર થઈ પ્રજાને નીડર બનાવે છે. 'તેનાલીરમને તિજોરી ભરી' માં મૂળ કર રાજા પાસે પહોંચવાને બદલે કારભારીઓમાં વહેંચાઈ જતા અડધો જ ભાગ તિજોરીમાં જાય છે. આ વાતનો તોડ બરફના ટૂકડાની મદદથી તેનાલી રાજાને આપે છે. 'રાજાને કર્યા સાજા'માં રાજપાટના મદમાં સંતોષી રાજા આળસુ બને છે અને મોટાપો વધે છે. આથી રાજાના મનમાં પરોક્ષ રીતે મૃત્યુનો ડર રોપી તેનાલીરમન રાજાના મોટાપા અને બીમારીને દૂર કરે છે. 'બર્થોલ્ડ' નામની ચોથી નાટ્યશ્રેણી બુદ્ધિ-ચાતુર્યમાં બીરબલના પર્યાય સમા બર્થોલ્ડને 'પરદેશી બીરબલ' તરીકે ઓળખવા યોગ્ય છે. બીરબલ જેવો જ દરેક પ્રશ્નનાં ધાણીફૂટ જવાબ આપનાર, દેખાવે બેડોળ પરંતુ બુદ્ધિચાતુર્યમાં નિપુણ એવા બર્થોલ્ડના ચાતુરીના પરાક્રમો અહીં વર્ણવાયા છે જેમાં 'અરીસો અને સ્ત્રીઓ'માં બર્થોલ્ડના વ્યક્તિત્વના પરિચયની સાથે રાજાના ન્યાયની વાત સાંકળવામાં આવી છે. પોતાની વસ્તુ તૂટી જાય કે નાશ પામે તેના કરતાં બીજા પાસે સુરક્ષિત રહે તે જોવાની ઇચ્છા દરેકની હોય છે. આ વાતને ન્યાય કરવામાં મદદરૂપ બને છે.

'રાજા-રાણીની હાર' બર્થોલ્ડના બુદ્ધિ-ચાતુર્યની પરીક્ષા કરતા રાજા-રાણીને આપેલા હાજર- જવાબીપણાની સાથે બર્થોલ્ડની ચાલાકીની કદર કરતું આ નાટક છે. 'ટાઢા પાણીએ કસ કાઢી'માં રાણી અને અન્ય અમલદારોની સ્ત્રીઓને રાજકાજમાં કામ કરવાની ઇચ્છાને બર્થોલ્ડ તેમની નબળાઈ પેટમાં વાત ટકે જ નહિ તેને હથિયાર બનાવીને રાજાની ચિંતાને દૂર કરે છે. 'રાણીને બનાવી'માં બર્થોલ્ડના ચાતુર્યથી વારંવાર પરાજિત થયેલા રાણીસાહેબા બર્થોલ્ડને કોથળામાં પૂરી દરિયામાં વહાવા તૈયાર થાય છે તેમાંથી પણ બર્થોલ્ડ બચી કાયમ માટે

રાણીસાહેબા પાસેથી અભયવચન મેળવે છે. ઉપરોકત ચાર ચતુર નાટ્યમાળા 'બીરબલ', 'ગોપાલ ભાંડ', 'તેનાલીરામ' અને 'બર્થોલ્ડ'મા બુદ્ધિ-ચાતુર્યમાં પાવરધા એવા ચાર મહાનાયકોનાં ચાતુર્ય, કુટ પ્રશ્નોના હાજરજવાબો આપવા અને ગમે તેવા કોયડાનો ઉકેલ શોધી આપનારા બુદ્ધિના દિગ્ગજોની ચાતુર્યકથાનો અહીં પરિચય કરાવેલો છે. જે બાળકો માટે પ્રેરણાદાયી બની રહે છે.

બાળકોને કોયડાઓ ઉકેલવા ગમે છે અને અહીં તો કોયડાઓનો એક આખો સંગ્રહ છે. સરળ પ્રવાહી શૈલીમાં આ નાટકો બાળકોમાં સમસ્યાઓના હલ લાવવામાં અને સંસ્કાર ઘડતરમાં ઉપયોગી દેશ દેશના ચાર મહાનાયકોની આ અભિવ્યકિત પ્રશંસનીય છે.